અંબાજીમાં અંબાના દરબારમાં શ્રદ્ધાળુ દ્વારા દાન-ભેટની સરવાણી

અંબાજી, તા. ૨૭

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાવિક ભક્તો દ્વારા દાનનો પ્રવાહ અવિરત વહેતો જ હોય છે. મંદિર ટ્રસ્ટ દ્વારા અંબાજી મંદિરના શિખરો સંપૂર્ણ સુવર્ણમય બનાવવાની યોજનાઓ થઈ રહી છે એવામાં જ શ્રદ્ધાળુઓ દ્વારા સોનાનું દાન પણ આવી રહ્યું છે.

આવા જ એક માઈભક્ત દ્વારા મા અંબાના ચરણોમાં ૨૫૦ ગ્રામ સોનાની લગડીની ભેટ ધરવામાં આવી હતી જેની કિંમત નવ લાખ પચાસ હજાર (૯,૫૦,૦૦૦) રૂપિયા થાય છે.

જ્યારે અન્ય માઈભક્તો દ્વારા પણ ચાંદીથી મઢેલો એરાવત (હાથી) જેની કિંમત ૪,૨૧,૦૦૦ રૂપિયા છે તે માતાજીને અર્પણ કર્યો હતો અને અન્ય એક ભક્ત દ્વારા માતાજીને સોનાના કુંડળ (નંગવાળા)ભેટ કરાયા હતા. જેમાં ૪૬ ગ્રામ સોનાનુ વજન હતું અને કિંમત એક લાખ રૂપિયા સડસઠ હજાર રૂપિયાની(૧,૬૭,૦૦૦) હતી. આ ભક્તોએ તેમના નામ પણ જાહેર નહીં કરવાનું જણાવ્યું છે.

મા અંબા એમના ભક્તો પર ચારે હાથથી મહેર કરે છે અને માના ભકતો પણ કૃતજ્ઞતા સ્વરૂપે આભાર માનવા આવી રીતે ભેટ સોગાદો, દાગીના વગેરે માતાજીના ચરણે અર્પણ કરતાં હોય છે સાચે જ મા અંબાજીનો મહિમા અપરંપાર છે.

મહેસાણા જિલ્લામાં બંધારણ દિવસ નિમિત્તે "પ્રિય બાળકી" નવીન યોજનાનો આરંભ

બંધારણ દિવસે શંખલપુર ગામે ઓક્ટોબર માસમાં જન્મેલ આઠ નવી જન્મેલ બાળકીઓનું સન્માન કરાયું : દરેક બાળકીને ૧૦૦૦નો ચેક, જોડી કપડાં અને મીઠાઇ અપાઈ

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના શંખલપુર ગામથી જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીએ "પ્રિય બાળકી" અંતર્ગત જિલ્લામાં નવીન જન્મ પામનાર બાળકીઓને રૂ.૧૦૦૦નો ચેક, એક જોડી કપડાં અને ૫૦૦ ગ્રામ મીઠાઇ આપી બાળકીનું સન્માન કરવાની શરૂઆત કરાઇ છે. રાજયમાં મહેસાણા જિલ્લામાં પ્રેરણાદાયી આ પ્રકારના પગલાં થકી બેટી બચાવો-બેટી પઢાઓ અભિયાનને બળ મળ્યું છે. મહેસાણા જિલ્લામાં દર મહિનાના બીજા શુકવારે સરપંચ અને તલાટી દ્વારા ગામની નવીન જન્મેલ દિકરીનું સન્માન "પ્રિય બાળકી યોજના" અંતર્ગત કરશે.

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના શંખલપુર ગામે બંધારણ દિવસની ઉજવણી જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.આ દિવસે યોજાયેલ ખાસ ગ્રામસભામાં બંધારણના આમુખનું ગ્રામજનો દ્વારા વાંચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગ્રામજનો દ્વારા બંધારણ પાલનના શપથ લેવામાં આવ્યા હતા. જિલ્લાના બાળકોમાં પણ બંધારણ અંગે જાગૃતિ આવે તે માટે વકૃત્વ સ્પર્ધા અને લેખન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ દિવસે બંધારણ નિષ્ણાત વકતાઓને બોલાવી બંધારણ વિશે વિગતે સમજ આપવામાં આવી હતી.

બંધારણ દિવસ નિમિત્તે ૧૯૫૦ પહેલાં જન્મેલ જે બંધારણના સાક્ષી બન્યા છે તેવા તમામ વડીલોને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

બંધારણ દિવસ નિમિત્તે જિલ્લામાં બેટી બચાવો-બેટી પઢાઓ અંતર્ગત ખાસ કાર્યક્રમની શરૂઆત કરાઇ હતી. જિલ્લામાં નવીન જન્મેલ દિકરીઓના સન્માન માટે "પ્રિય બાળકી" નામ તળે રૂ.૧૦૦૦નો ચેક, મીઠાઈ અને એક જોડ કપડાં આપવાની શરૂઆત કરાઇ છે. જે અંતર્ગત આજે બંધારણ દિવસે ઓક્ટોબર માસમાં જન્મેલ આઠ બાળકીઓનું સન્માન શંખલપુર ગામે કરાયું હતું. આ આઠ દિકરીઓને રૂ.૧૦૦૦ના ચેક, એક જોડી કપડાં અને મીઠાઇ આપી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સન્માનીત કરાઇ હતી. દિકરીઓના સન્માન માટેનો આ કાર્યક્રમની મહેસાણા જિલ્લામાં શરૂઆત કરાઈ છે જે અંગેનો ખર્ચ ૧૪માં નાણાં પંચના અનુદાનમાંથી કરવામાં આવનાર છે. બેટી બચવો-બેટી પઢાઓ અભિયાન તળે શરૂ થયેલ આ પ્રેરણાદાયી શરૂઆત અંતર્ગત દર મહિનાના બીજા શુકવારે તલાટી અને સરપંચ દ્વારા નવીન જન્મ પામેલ દિકરીઓને પ્રિય બાળકી નામ તળે સન્માન કરવામાં આવશે.

અમેરિકાની સુખ્યાત કાલ પોલિ યુનિ. અને ગણપત યુનિવર્સિટી વચ્ચે એમઓયુ સાઈન

ગણપતવિદ્યાનગર, તા. ૨૭

ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાયેલા એક સમારોહમાં અમેરિકાની સુખ્યાત એવી કાલ પોલિ યુનિવર્સિટી પોમોના અને ગણપત યુનિવર્સિટી વચ્ચે વિશાળ શૈક્ષિક હિતમાં એક એમ.ઓ.યુ. સાઈન થયુ હતુ. સમજૂતના આ કરારમાં બંને યુનિવર્સિટીના સ્ટુડન્ટસ તેમજ ફેકલ્ટીઝ એક્સચેંજ પ્રોગ્રામ, ટીચિંગ ઉપરાંત અભ્યાસ-સંશોધન, સ્ટડી ટૂર, જોઈન્ટ કન્સલ્ટન્સી પ્રોગ્રામ સહિતના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.

એન્જિનિયરિંગ અને ટેકનોલોજી સહિતની અનેક વિદ્યાશાખાઓમાં ડિપ્લોમાં, ડિગ્રી, માસ્ટર અને સંશોધન અભ્યાસક્રમો માટે પણ પરસ્પર સહકારનું આયોજન થઈ શકે એવી પણ એમ.ઓ.યુ. પાછળની એક ભાવના છે.

બંને યુનિવર્સિટી વચ્ચેના આ એમઓયુ સાઈનિંગ સેરિમનીના અવસરે કાલ પોલિ યુનિવર્સિટી, પોમોના, અમેરિકાના યુનિ. એડવાન્સમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ ડેનિયલ મોન્ટાપ્લેઈસર, કાલ પોલિ યુનિ.ની એન્જિ. કોલેજના ડીન ડૉ. જોસેફ રેન્સિસ, તો મિકેનિકલ એન્જિ.ના પ્રોફેસર ડૉ. બેહનામ બહર ઉપસ્થિત રહ્યા હતા. ગણપત યુનિવર્સિટી તરફથી પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, પ્રો. ચાન્સેલર તેમજ ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, પ્રો. વાઈસ ચાન્સેલર પ્રો. ડો. આર.કે. પટેલ,

પ્રો. વાઈસ ચાન્સેલર અને એક્ઝિ. રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ સહિત વિવિધ વિદ્યાશાખાના ડીન, પ્રિન્સિપાલ, હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ્સ અને ચૂનંદા પ્રાધ્યાપકો સહિત મોટી સંખ્યામાં લોકો ખાસ ઉપસ્થિત રહી એમઓયુ સેરિમનીની સાર્થકતામાં ઉમેરો કર્યો હતો.

ગણપ યુનિ.ના પ્રેસિડેન્ટ અને પેટ્રન-ઈન-ચિફ પદ્મશ્રી ગણપતભાઈ પટેલને ભારતના રાષ્ટ્રપતિના વરદ્‌હસ્તે પ્રાપ્ત થયેલા 'પદ્મશ્રી પુરસ્કાર'ને અનુલક્ષીને કાલ પોલિ યુનિવર્સિટીએ પણ પોતાના પૂર્વ વિદ્યાર્થી ગણપતભાઈ પટેલ તેમજ શ્રીમતી મંજુલાબેન પટેલનું વિશેષ સન્માન કર્યુ હતુ.

અમેરિકાની કાલ પોલિ યુનિવર્સિટીના ડેલિગેશનમાંના પ્રતિનિધિ ડેનિયલે સવારના સમારોહમાં 'બિલ્ડિંગ અ પ્રોફેશ્નલ નેટવર્ક' વિષય ઉપર એક સેશન લીધુ હતુ તો એન્જિ. કોલેજના ડીન પ્રો. ડૉ. જોસેફ રેન્સિસે એન્જિનિયરિંગ કોલેજની વિશેષતાઓ સાથેનો પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે પરિચય કરાવ્યો હતો. ત્રીજા પ્રતિનિધિ અને મિકેનિકલ એન્જિ.ના વિદ્વાન પ્રોફેશર ડોક્ટર બેહનામ બહરે 'ઈમ્પોર્ટન્સ ઓફ એપ્લાઈડલર્નિંગ વિષય ઉપર એમના પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કર્યા હતા.

કંપની સમાચાર

દરરોજ મુઠ્ઠીભર બદામથી તમારા સ્વાસ્થ્યની જાળવણી કરો

બદામના સ્વાસ્થ્ય લાભો અંગે પ્રાચીન આયુર્વેદિક, યુનાની અને સિદ્ધ ગ્રંથો તથા આધુનિક અભ્યાસોનો સંદર્ભ લેતાં "હાઉ ટુ સ્ટે હેલ્થી એન્ડ કીપ અપ વિથ ટુડેઝ ફાસ્ટ પેસ લાઈફસ્ટાઈલ" વિષય ઉપર આજે શહેરમાં પેનલ ચર્ચા યોજવામાં આવી હતી. જાણીતા સેલિબ્રિટી અને ફિટનેસ સ્પેશિયાલિસ્ટ સપના વ્યાસ તેમજ પિલેટ્સ

એક્સપર્ટ અને ડાયટ એન્ડ ન્યુટ્રિશન કન્સલન્ટન્ટ મધુરી રૂઈયાએ આજના ગ્રાહકોની ઝડપી અને વ્યસ્ત જીવનશૈલીમાં બદામના આરોગ્ય લાભો અને સ્વાસ્થ્ય માટે બદામ કેવી રીતે ઉપયોગી છે તેના ઉપર ચર્ચા કરી હતી.

તંદુરસ્ત આહારના મહત્વ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા પેનાલિસ્ટસે બેઠાડી જીવનશૈલી સહિતના વિવિધ કારણોસર મેદસ્વિતા, ડાયાબિટિસ અને હૃદયની બિમારી જેવી વિવિધ સમસ્યાઓ અંગે ચર્ચા કરી હતી. પેનાલિસ્ટસે વ્યક્તિના રોજિંદા જીવનમાં બદામ જેવાં આરોગ્યપ્રદ નટ્સ સામેલ કરવા સૂચવ્યુ હતું. આ ચર્ચામાં બદામના પોષક ગુણધર્મો અને ગ્રાહકના આરોગ્ય ઉપર તેની સકારાત્મક અસર કેન્દ્રસ્થાને હતુ. તેનાથી સંતુષ્ટિનો અનુભવ થાય છે અને ભૂખ ઓછી રહે છે. જેનાથી બિનઆરોગ્યપ્રદ ચીજોનો વપરાશ ટાળવામાં મદદ મળી રહે છે. ઉપરાંત બદામમાં વિટામીન બી-૨, વિટામીન ઈ, મેગ્નિયમ અને ફોસ્ફરસ જેવા વિવિધ પોષકો ઉર્જા આપે છે. જાણીતા સેલિબ્રિટી અને ફિટનેસ સ્પેશિયાલિસ્ટ સપના વ્યાસ તથા પિલેટ્સ એક્સપર્ટ અને ડાયટ એન્ડ ન્યુટ્રિશન કન્સલ્ટન્ટ મધુરી રૂઈયાએ આજના ઝડપી જીવનમાં સારા આરોગ્યની જાળવણી કેવી રીતે કરી શકાય તેના ઉપર આયોજિત એક સત્રમાં વિસ્તૃત ચર્ચા કરી હતી.

ગુજકોક કાયદાનો રાજયમાં પહેલી ડિસેમ્બરથી અમલ

અમદાવાદ, તા.૨૭

ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે પત્રકાર પરિષદ યોજીને ગુજકોકના કાયદાની તા.૧લી ડિસેમ્બરથી ગુજરાતમાં અમલવારી કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. ગુજરાત જેવા સરહદી રાજયમાં આતંકવાદ સહિત સંગઠિત ગુનાખોરીના નિયંત્રણ માટે ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ કાયદાનો રાજયમાં તા.૧લી ડિસેમ્બર અમલી બનશે. ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું કે, રાજયની સુરક્ષામાં વધારો થાય અને પોલીસ કર્મીઓને પૂરતું બળ મળે એ આશયથી ગુજરાત સરકારે ગુજસીટોક કાયદાને વિધાનસભામાં પસાર કરીને રાષ્ટ્રપતિને મંજૂરી માટે મોકલ્યો હતો. જેને તાજેતરમાં રાષ્ટ્રપતિએ મંજૂરી આપતા હવેથી આ કાયદાનો અમલ આગામી તા.૧લી ડિસેમ્બરથી કરવાનો રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. સંગઠિત ગુનાખોરી કે જેને કોઈ રાષ્ટ્રીય સીમાઓ લાગુ પડતી નથી તેને નિવારવા માટે ગુજરાતને આગવો કાયદો મળી રહે તે જરૂરી હતું. જેનો તા.૧લી ડિસેમ્બરથી અમલ થતાં સોપારી આપવી (કોન્ટ્રાક્ટ કિલિંગ), ધાક ધમકીથી પૈસા પડાવવા, પ્રતિબંધિત માલની દાણચોરી કરવી, ગેરકાયદે કેફી દ્રવ્યોનો વેપાર કરવો, ખંડણી માટે અપહરણ કરવા, રક્ષણ માટે નાણાં વસુલવા, નાણાંકીય લાભો મેળવવા માટે લોકોને છેતરવાના આશયથી પોન્ઝી સ્કીમ (કપટયુક્ત યોજના) અથવા મલ્ટી લેવલ માર્કેટિંગ સ્કીમ ચલાવવા જેવા ગુનાઓ નિયંત્રિત થશે. કોઈપણ સ્વરૂપે થતાં સાયબર ગુનાઓ પ્રત્યે નિયંત્રણની સાથેસાથે સરહદની પેલે પાર ત્રાસવાદી સંગઠનો દ્વારા નાર્કો ત્રાસવાદને જે ઉત્તેજન આપવામાં આવે છે તેનું પણ નિયંત્રણ થશે.

રાજયમાં ૯,૭૧૩ લોકરક્ષક જવાનને નિમણૂંકપત્ર અપાશે

ગાંધીનગર,તા.૨૭

ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, રાજયના યુવાનોને સરકારી નોકરીમાં સેવાઓ આપવાની તક મળે તે માટે રાજય સરકારે મક્કમ નિર્ધાર કરીને વાર્ષિક કેલેન્ડર મુજબ ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. ત્યારે કોંગ્રેસે ગુજરાતના યુવાનોને જૂઠ્ઠાણા ફેલાવીને ગેરમાર્ગે દોરવાનું બંધ કરવું જોઈએ. ભૂતકાળમાં યુવાનોને સરકારી સેવાઓમાં ભરતી કાપ તેમની સરકારે મૂક્યો હતો તે અમારી સરકારે સત્તાના સુત્રો સંભાળતા જ આ કાપ દૂર કરીને સમયાનુસાર સંપૂર્ણ પારદર્શિતાથી ભરતી કરીને યુવાનોને સરકારી સેવામાં જોડીને રોજગારી પૂરી પાડી છે. મંત્રી જાડેજાએ ઉમેર્યું કે, રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભરતી પ્રક્રિયા માટે વાર્ષિક કેલેન્ડર બનાવ્યું છે. અને તે મુજબ ટેક્નોલોજીના માધ્યમ દ્વારા સંપૂર્ણ પારદર્શિતાથી ભરતી કરીને યુવાનોને રોજગારી આપી છે. તે કોંગ્રેસને ખૂંચતુ હોઈ, યુવાનોને ગેરમાર્ગે દોરી રહી છે.

મોડાસામાં માલધારી સમાજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું

જુદી જુદી માગણીઓ પુરી કરવા રજૂઆત કરાઈ

મોડાસા, તા. ૨૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના માલધારી સમાજ દ્વારા મંગળવારના રોજ માલધારી દિવસ નિમિત્તે અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી સમાજના ઉત્થાન માટેની વિવિધ માગણીઓ રજૂ કરી હતી. અને માગણીઓનો નિકાલ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

૨૬ નવેમ્બર માલધારી સમાજ દિવસ નિમિત્તે સાબરકાંઠા-અરવલ્લી માલધારી સમાજ દ્વારા અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ગાયોની સુરક્ષા તેમજ ગાયોની હત્યા કરનારાઓને ગંભીર પ્રકારની સજા થાય તેવી કાયદામાં જોગવાઈ કરવા, માલધારીઓ મોટા ભાગે પશુપાલન પર નિર્વાહ કરતા હોય છે ત્યારે ગૌચરનું દબાણ ન થાય અને થયેલ હોય તે હટાવવામાં આવે અને માલધારી સમાજમાં શિક્ષણનું પ્રમાણ નહિંવત હોવાને કારણે માલદારીઓના બાળકોને શિક્ષણ માટે પુરતી શિષ્યવૃત્તિની સુવિધા કરવામાં આવે સહિતના પ્રશ્નોને ઉચ્ચકક્ષાએ રજૂ કરીને નિકાલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપગ્રહ સૌથી વધારે અસરકારક રહેનાર છે. આના કારણે સુરક્ષા દળોની સ્પેસ સર્વેલાન્સની ક્ષમતામાં અનેક ગણો વધારો થનાર છે. પેનક્રોમમેટિક મોડમાં તે ૧૬ કિમી અંતરથી સ્પેશિયલ રેંજ કવર કરી શકે છે. ઉપગ્રહને સફળતાપૂર્વક પરિભ્રમણ કક્ષામાં ગોઠવી દેવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ વૈજ્ઞાનિકો અને ઈસરોની ટીમને શુભેચ્છા પાઠવી હતી. મોદીએ કહ્યુ હતુ કે ઈસરોની ટીમને તેઓ શુભેચ્છા પાઠવે છે. આની મદદથી ઈન્ફ્રાસ્ટકચર પ્લાનિંગ, કોસ્ટલ જમીનનો ઉપયોગ અને નિયમન તેમજ માર્ગોના નેટવર્કને મોનિટરિંગ કરવામાં મદદ મળશે. ભૌગોલિક સ્થિતીમાં થતા ફેરફારોને પણ જોઈ શકાય છે. એક હજાર ૬૦૦ કિલોના આ સેટેલાઈટ પાંચ વર્ષ સુધી પરિભ્રમણ કક્ષામાં રહેનાર છે. લોંચ બા ઈસરોના વડા કે શિવને કહ્યુ હતુ કે તેઓ ખુબ ખુશ છે. પીએસએલવી-સી ૪૭ દ્વારા બીજા ઉપગ્રહોને તેમની પરિભ્રમણ કક્ષામાં ગોઠવી દેવામાં આવ્યા છે. કાર્ટોસેટ સૌથી વધારે રેજોલ્યુશનવાળા સેટેલાઈટ તરીકે છે.

તાજપોશી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના પ્રત્યેક પાંચ પ્રધાનો સામેલ થશે. ઠાકરેએ ૩ ડિસેમ્બર સુધીમાં બહુમતી સાબિત કરવી પડશે, ૧૬૬ ધારાસભ્યોના સમર્થનનો દાવો તેમણે કર્યો છે. ભાજપ સામે વિપક્ષી એકતારૂપે આ શપથવિધિમાં અન્ય પક્ષોના નેતાઓ પણ હાજરી આપે તેમ છે.

ઠાકરે પરિવારમાંથી સૌ પ્રથમ કોઈ સીએમ બનવા જઈ રહ્યાં છે ત્યારે શિવાજી પાર્કની શપથવિધિને ભવ્યાતિભવ્ય, રંગારંગ અને યાદગાર અને ઐતિહાસિક બનાવવાના પ્રયાસો શરૂ થયા છે. શિવાજી પાર્કમાં લગભગ ૭૦૦૦૦ ખુરશીઓ લગાવવામાં આવશે. આ ઉપરાંત ૬૦૦૦ સ્ક્વેર ફીટનું પ્લેટફોર્મ બનાવવામાં આવશે, જેના પર શિવસેના-એનસીપી અને કોંગ્રેસના નેતાઓની સાથે અન્ય વીવીઆઈપી નેતાઓને સ્થાન આપીને ભાજપની સામે ×હમ સબ એક હૈ×, નો સંદેશો પણ આપવામાં આવે તેમ છે. મંચ પર ૧૦૦ ખુરશીઓ લગાવવામાં આવશે. શિવાજી પાર્કમાં ઉદ્ધવ ઠાકરેના શપથ ગ્રહણ સમારોહની તૈયારી માટે બીએમસી કમિશનર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ શપથવિધિ સ્થળે નીરિક્ષણ માટે પહોંચ્યા હતા.

કારસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રિવેદીના જણાંવ્યા અનુસાર નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેકટ ગીફટ સીટીથી આકર્ષિત થઈ રહેણાંકના મકાન માટે સંગાથ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમીટેડ કંપનીને જમીન ફાળવવામાં આવતા વર્ષ ૨૦૧૩ માં રોકાણકારોને વર્ષ ૨૦૧૮ માં મકાનનો કબજો આપી દેવાનો વાયદો કરી તેમની પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવ્યા હતા. પરંતુ આજદિન સુધી કંપનીએ બાંધખામ સુધ્ધા પણ શરૂ કર્યુ નથી.જયારે રહેણાંકના મકનો માટેના નવા કાયદા મુજબ રેરામાં રજીસ્ટ્રેશન પણ કરાવવુ ફરજિયાત છે. આમછતા આ અંગે પણ કોઈ ગતિવિધિ હાથ ધરી નથી. જયારે ગીફટ સીટીના વહીવટ કર્તાઓ પણ આર્થિક છેતરપીંડીનો ભોગ બનેલા રોકાણકારોની રજુઆત સાંભળતા નથી. આવા સંજોગોમાં ગીફટ સીટીના જવાબદાર અધિકારીઓ પણ સંગાથ ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે સાંઠગાંઠ કરી રોકાણકારોના નાંણા ચાંઉ કરવાના કારસામાં જોડાયેલા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. બરોડના જે એસ ત્રિવેદીએ આ સમગ્ર કૌભાંડ અંગે વધુમાં જણાંવ્યુ હતુ કે સંગાથ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમિટેડ કંપની પણ રોકાણકર્તાઓની રજુઆત સંદર્ભે કોઈ સંતોષકારક જવાબ આપતી નથી. જયારે રોકાણકારો નાંણા પરત માંગતા ૫ થી ૧૦ ટકા રકમ કાપવાની વાત કરતા રોકાણકારો છેતરપીંડીનો ભોગ બન્યા હોવાનો આક્રોશ ઠાલવી રહ્યા છે. આ સ્થિતિને ધ્યાને લઈ રેરાએ આવી સંસ્થાને બ્લેક લીસ્ટ કરી મિલ્કતને ટાંચમાં લેવા પણ યોગ્ય પગલા લેવા જોઈએ તેવી રજુઆત પણ રોકાણકારોએ કરી છે.

હિલચાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ૧૯૮૬ની આસપાસના પંચાયત વિસ્તારોનો ૯૨ સ્કેવર કિ.મી. વિસ્તાર સમાવી શહેરનું ક્ષેત્રફળ ૧૯૨ સ્કેવર કી.મી. કરાયુ હતુ. આ પછી ૨૦૦૫માં અમદાવાદને મેગાસીટીનો દરજ્જો અપાયો હતો. ૨૦૦૬માં પુનઃ ૧૭ મ્યુનિસિપાલીટી અને ૩૦ પંચાયતોનો સમાવેશ કરાયો હતો. જ્યારે ૨૦૦૮માં ચાંદખેડા, મોટેરા વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શહેરનો કુલ વિસ્તાર ૪૪૯-૩૪૩ સ્કેવર મીટર થયો. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૫ લાખથી વધુ છે. આ નવા વિસ્તારો ઉમેરાય તો કોર્પોરેશનનો વિસ્તાર ૫૦૦ સ્કેવર કી.મી. થાય.

ફૂટે છે માથુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામીણ વિસ્તારની પ્રજા કેવી રીતે પરેશાન થાય તે જ સરકારની અગ્રતા ધરાવે છે.

આ ગ્રામ્ય વિસ્તારો ભેળવવાથી જિલ્લાને પણ નુકશાન છે એટલુ જ નહિ સરકાર કયા કારણોસર આ કરવા જઈ રહી છે તે બાબતે સ્પષ્ટ નથી. આમેય ગ્રામીણ વિસ્તારો જે સમાવવાની વાત છે ત્યાં આજે પણ બસોની સુવિધા અપાતી નથી એટલુ જ નહિ અહિ વીજપુરવઠો પણ પુરતા પ્રમાણમાં અપાતો નથી. સરકારની દાનત આ ગ્રામીણ વિસ્તારની જમીનો પર છે જેથી દુઃખે છે પેટ અને ફૂટે છે માથુ.

તેમણે અમદાવાદ મપનાની આવી હિલચાલનો સખ્ત વિરોધ કરી અને સરકારને તેના પર રોક લગાવવા તેમજ આ વિસ્તારોને સાચા અર્થમાં સુવિધાસભર બનાવી ગોકળિયા ગામની પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની વાત દોહરાવે તેમ જણાવ્યુ છે.

નીતિ બનાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય. આ પ્રમાણે થઈ શકે કે કેમ તેવી સમિતિની પૃચ્છામાં પંચાયત વિભાગના પ્રતિનિધિએ હકારમાં જવાબ આપ્યો હતો. આથી સમિતિએ આવા ગામતળના જે દબાણો હોય તેને અન્ય કોઈ રીતે બાધ ન આવતા હોય તો તેને નિયમિત કરવા ભલામણ કરે છે. ઉપરાંત આ બાબતે સર્વગ્રાહી નીતિ તૈયાર કરવાની પણ ભલામણ કરી છે.

સરકાર સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરી વિસ્તારોમાં ગેરકાયદે દબાણો માટે જેમ ઈમ્પેક્ટ ફી લાગુ કરવામાં આવી હતી તેમ ગ્રામ્ય વિસ્તારના આવા દબાણો માટે આ જ નીતિને સુસંગત નીતિ તૈયાર કરવામાં આવે તો સરકારને આવક થઈ શકે છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સરકારને એટલા ઓછા મકાનો તૈયાર કરવાના થાય.

આ દબાણો કેવા પ્રકારના છે તે માટે પણ અલગથી જિલ્લાકક્ષાએથી અહેવાલ મંગાવવા જોઈએ.

વિધાનસભાનું સત્ર નજીક આવી રહ્યુ છે ત્યારે સરકાર દ્વારા આ દિશામાં કોઈ નક્કર નિર્ણય લેવાય તેવા સંકેતો મળી રહ્યા છે. કારણ કે પંચાયતની ચૂંટણીઓ પણ આગામી વર્ષમાં યોજાવાની છે અને તેનો ફાયદો પક્ષના ઉમેદવારને મળે તેવી ગણતરીઓ હાલ સરકાર કક્ષાએ વિચારણામાં હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

અબીલ ગુલાલ

● ચોથા પાનાનું ચાલુ

છે પણ 'હેલ્લારો'ની ભાષામાં મડદાં સમાન છે. ત્યારે ફિલ્મો જ એક માત્ર મુક્ત મને શ્વાસ લેવાનું માધ્યમ બચ્યું છે જ્યાં અનુભૂતિ અને અભિવ્યક્તિ બન્નેમાં ઝબોળાવાની તક મળે છે.

ફિલ્મમાં જોઈએ ત્યારે લાગે કે ઉપરથી સૂકાઈ ગયેલી નદીનું વહેણ સપાટીની નીચે સજીવન હોવું એટલે શું...આટલી સજ્જડ પાબંદીઓ વચ્ચે પણ, છૂપાછૂપી રાઈફલ શૂટીંગમાં અનેક ગોલ્ડ મેડલ પોતે મેળવ્યા પછી, કુટુંબની તમામ સ્ત્રી સભ્યોને ટ્રેનીંગ અપાવી, મેડલ સુધી પહોંચાડનાર આ બે ભડવીર સ્ત્રીઓ, સલામ ને યોગ્ય છે. સત્યકથા પર આધારિત આ ફિલ્મના તમામ પાત્રો એટલા નેચરલ અનુભવાય જાણે આપણી સામે, સાક્ષાત બધું બની રહ્યું છે. કોઈ ગ્લેમર નહીં હોવા છતાં પોતાની અંદર ખેંચી જાય એવી એની કથા અને અભિનય ફિલ્મના હીરો છે. આ વાતો હું ફિલ્મ રીવ્યુ તરીકે નથી લખી રહી. પરંતુ જ્યારે ઝીણી-ઝીણી બાબતોની સુંદર ગૂંથણી થાય...એમાં સંવેદનાની છાલક વાગે...ઊર્મિઓની રંગપૂરણી થાય તો જો એક ફિલ્મ સુંદર બની શકતી હોય તો જીવન તો કેવું અદભૂત બની શકે. પરંતુ આપણી બલિહારી છે કે એવી ફિલ્મોના રસિકો ઓછા હોય છે. જીવનને ગંભીરતાથી લેવાની કોઈની તૈયારી જ નથી....આવા અભિગમથી ઉપજતો દર્દનાક ખાલીપો કોઠે પડવા લાગ્યો છે. મોબાઈલ ફોન કે વીડીયો ગેમ રમીને, સીગરેટના બે કશ કે નશો કરીને, મિત્રો સાથે ઉપરછલ્લી મસ્તી કરીને કે ઊંઘ નામના તારકના ખોળે માથું ધરીને વર્ષો ખેંચી નાખવામાં આવે છે. આપણે 'જીઓ દિલ સે...' સાંભળીએ છીએ પણ જીવીએ છીએ ખરા !!!

ફિલ્મ સંદર્ભે વાત થઈ રહી છે ત્યારે બીજી પણ ૧-૨ ફિલ્મની વાતો કરવી છે પણ આજે આટલે થી અટકીએ. બીજીવાર આજ દૌર આગળ વધારીશું.

(વધુ આવતા અંકે)

મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

પણ એની પર ઝાડ હતા ?
અરે એની પર તો સાત આઠ ઝાડ હતા.
કેવા ઝાડ હતા ?
કેવા એટલે સરકાર આ બધે રોપે છે તેવા. પણ બે ઝાડ બહુ સરસ હતા. વસંત ઋતુમાં એના પર ગુલાબી ગુલાબી ફૂલો આવતા. હવે તો નગરમાં એવું એકેય ઝાડ જોવા મળતું નથી.
પછી એ ઝાડ ક્યા ગયા ?
સરકારે પાડી નાખ્યાં.
કેમ પાડી નાખ્યા ?
અહીં અંડર ગ્રાઉંડ રસ્તો બનાવવો હતોને એટલે.
અંદર ગ્રાઉંન એટલે શું મમ્મી ?
અંડર ગ્રાઉંડ એટલે ભૂગર્ભ રસ્તો.
ભૂગબ એટલે ?
આપણને ઉપરથી દેખાય નહીં તેવો રસ્તો.
પણ એવો રસ્તો બનાવવાનો કેમ ?
સરકારને ઉપર આ બગીચો બનાવવો હતો ને એટલે.
પણ બગીચો શું કામ બનાવવાનો ?
મારા ડિકાને રમવા માટે.
મમ્મી એ સરકલનું નામ શું હતું ?
ઘ ચાર
આ ઘ ચાર કોઈને નડતું હતું ?
ના ભાઈ, એ તો કોઈનેય નડતું ન્હોતું.
તો પછી શુ કામ તોડી નાયખું ?
સરકારની મરજી.
લોકો એની પર શું કરતા'તા. ?
સર્કલ પર તો લોકો